નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પાટણ ખાતેના સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની વહીવટ માટે કર્મચારીઓના વેતન તથા નિભાવ ખર્ચ કરવા બાબત.
નવી બાબત ૨૦૨૧-૨૨

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૩૨૦૨૦/૪૬૯૪૭૬/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૧
0 7 JUL 2021

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક:-વિજાક/સ.છા./ ન.બા./૨૧-૨૨/૫૬૦-૬૧

ઠરાવ:

વંચાણ હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૦૬/૦૪/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પાટણ ખાતે સમરસ છાત્રાલયોના વિધાર્થી/વિદ્યાર્થીનીઓના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ માટેની રૂ.૧૬૫.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પાટણ ખાતે સમરસ છાત્રાલયોના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ માટેની રૂ.૧૬૫.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો પાંસઠ લાખ પૂરા)ની નવી બાબતને સરકારશ્રીના વખતોવખતના ઠરાવો તથા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવંતમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ મંજુરી અન્વયે લાગુ પડતુ મહેકમ આઉટસોર્સથી ભરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર:૯૨, મુખ્યસદર: ૨૨૨૫ અનુ.જાતિ/જનજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પે.મુ.સ.: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણસદર: ૨૭૭ શિક્ષણ, પેટાસદર: ૧૫-ઓ.બી.સી-૦૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો બાબતેના બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ( વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ, અ-૧, ગ શાખા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ.